# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી – રાજકોટ

શ્રી કરણસિંહજી હાઇસ્કુલ બિલ્ડીંગ, સીટી ગેસ્ટ હાઉસ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧.
ફોન નં : (૦૨૮૧) ૨૨૨૩૪૫૩ Email : rajkotdeo@gmail.com

ક્રમાંક: માધ્ય/ખ–૧/જુ.શિ.બ/૨૦૨૪/ ૭૭૭૧ તા.૧૩/૧૨/૨૦૨૪

**ઇ–મેઇલ દ્વારા /સમયમર્યાદા**

પ્રતિ,

આચાર્યશ્રી,

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

જિ. રાજકોટ.

**વિષય :** બિનસરકારી અનુદાનિત શાળાઓના વર્ગ–૩ તથા વર્ગ–૪ના કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેની માહિતી બાબતમાહિતી બાબત .

**સંદર્ભ :** કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક : માધ્ય/પી.એફ.–૧/જુ.પે.યો./૨૦૨૪/૧૨૨૭ – ૩૦૭, તા.૧૧/૧૨/૨૦૨૪.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરી હસ્તકની બિનસરકારી અનુદાનિત શાળાઓ તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓના વર્ગ–૩ અને વર્ગ–૪ કર્મચારીઓને શિક્ષણ વિભાગના સંદર્ભપત્ર સાથે નાણા વિભાગના તા.૨૬/૧૧/૨૦૨૪ના પત્રથી નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવ અનુસાર પાત્રતા ધરાવતા અધિકારી/કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે ઉક્ત ઠરાવ અનુસારની પાત્રતા ધરાવતા હોય તેવા **બિનસરકારી અનુદાનિત શાળાઓના વર્ગ–૩ તથા વર્ગ–૪ના કર્મચારીઓની** વિગતો આ સાથે સામેલ પત્રક–૧ મુજબની એક્સેલ શીટ(ગુજરાતી–શ્રુતિ ફોન્ટ) માં તથા હાર્ડ કોપીમાં વિગતવાર માહિતી નિયત નમૂનામાં તૈયાર કરી **જાણકાર અને જવાબદાર કર્મચારીશ્રીએ <u>દિન–૧</u>** માં વિગતવાર માહિતી નિયત **નમૂનામાં** સોફ્ટકોપીમાં આ કચેરીના ઈ–મેઈલ પર મોકલી આપવા તથા હાર્ડ કોપી કુલ:–૨ (બે) નકલમાં અલગ–અલગ ફાઈલમાં આ કચેરીની **માધ્ય./ખ–૧** શાખામાં મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

જો કોઇ માહિતી મોકલવાની રહી જશે અને ભવિષ્યમાં જે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત શાળાના આચાર્યશ્રીની રહેશે.જેની ખાસ નોંધ લેશો. આ માહિતી લાગુ પડતુ ન હોય તેવી શાળાઓએ "**NIL**" માહિતી પણ મોકલવાની રહેશે.

<u>નોંધ</u>:–

1. આ સાથે સામેલ એક્સેલ શીટમાં પત્રક–૧માં ફીક્સ પગારથી સેવામાં જોડાયેલ હોય અને હાલમાં ફરજ બજાવતાં હોય તથા ઉક્ત ઠરાવ અનુસારની પાત્રતા ધરાવતાં હોય તેવા વર્ગ–૩ તથા વર્ગ–૪ ના કર્મચારીઓની વિગત પત્રક–૧ માં પ્રથમ સેવામાં જ ભરવાની રહેશે.
2. પ્રથમ સેવામાંથી દ્વિતીય સેવામાં જોડાયા હોય તો જ પત્રક–૧માં બીજી સેવામાં જોડાયા બાબતની વિગતો ભરવાની થાય. દા.ત કોઈ શિક્ષક તરીકે નિમણૂક પામ્યા બાદ મુખ્ય શિક્ષકમાં જોડાયા હોય તો દ્વિતીય સેવાની વિગત ભરવાની થાય અન્યથા પ્રથમ સેવાનાં ખાનામાં જ વિગતો ભરીને મોકલવી.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**રાજકોટ**

<u>બિડાણ :–</u> સંદર્ભદર્શિત પત્રની નકલ

**BY E-MAIL :**

ક્રમાંક : માધ્ય/પી.એફ.-૧/જુ.પે.યો./૨૦૨૪/૧૨૨૭૪-૩૦૧
કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર ૧૯, ગાંધીનગર.
તા. ૦૯/૧૨/૨૦૨૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી - તમામ

**વિષય :** બિન સરકારી અનુદાનિત શાળાઓના વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા અંગેની માહિતી બાબત.
**સંદર્ભ :** શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : ED/0556/11/2024, Dt.30-11-2024

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભપત્ર સાથે નાણા વિભાગના તા.૨૬/૧૧/૨૦૨૪ના પત્રથી નાણા વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવ અનુસાર પાત્રતા ધરાવતા અધિકારી/ કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે ઉક્ત ઠરાવ અનુસારની પાત્રતા ધરાવતા હોય તેવા બિનસરકારી અનુદાનિત શાળાઓના વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓની વિગતો આ સાથે સામેલ પત્રક- ૧ મુજબની એક્સલ શીટ (ગુજરાતી - શ્રૃતિ ફોન્ટ) માં તથા હાર્ડ કોપીમાં દિન-૫ માં વિગતવાર માહિતી નિયત નમુનામાં આ કચેરીના ઈ-મેઈલ **ssmadhyamik3@gmail.com** પર મોકલી આપવા જણાવવામાં આવે છે તથા હાર્ડ કોપી આ કચેરીની માધ્યમિક શાખામાં જમા કરાવવાની રહેશે.

જો કોઈ માહિતી મોકલવાની રહી જશે અને ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત અધિકારીશ્રીની અંગત રહેશે. જેની ખાસ નોંધ લેશો.

**નોંધ:**

૧. આ સાથે સામેલ એક્સેલ શીટમાં પત્રક-૧ માં ફીક્સ પગારથી સેવામાં જોડાયેલ હોય અને હાલમાં ફરજ બજાવતાં હોય તથા ઉક્ત ઠરાવ અનુસારની પાત્રતા ધરાવતાં હોય તેવા વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓની વિગત પત્રક-૧ માં પ્રથમ સેવામાં જ માહિતી ભરવાની રહેશે.
૨. પ્રથમ સેવામાંથી દ્વિતીય સેવામાં જોડાયા હોય તો જ પત્રક-૧માં બીજી સેવામાં જોડાયા બાબતની વિગતો ભરવાની થાય દા.ત. કોઈ શિક્ષક તરીકે નિમણુંક પામ્યા બાદ મુખ્ય શિક્ષકમાં જોડાયા હોય તો દ્વિતીય સેવાની વિગત ભરવાની થાય અન્યથા પ્રથમ સેવાનાં ખાનામાં જ વિગતો ભરીને મોકલવી.
૩. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ગ્રાન્ટેડ શાળાનાં ઉક્ત ઠરાવ અનુસારની પાત્રતા ધરાવતાં હોય તેવાં વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓની માહિતી ઉક્ત વિગતો ધ્યાને લઈ નિયત પત્રક-૧ માં માહિતી આપવાની રહેશે.

બિડાણ: ઉપર મુજબ

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

# બિન સરકારી અનુદાનિત શાળાઓના વર્ગ-૩ તથા વર્ગ-૪ ના કર્મચારીઓને જુની પેન્શન યોજનાનો લાભ આપવા અંગે ચેકલીસ્ટ

કર્મચારીનું નામ : .............................................. હાલનો હોદ્દો..................................

| ક્રમ | વિગત | પાનાં નંબર |
|---|---|---|
| 1 | ફોર્વર્ડીંગ લેટર | |
| 2 | પત્રક-1 | |
| 3 | સેવાપોથીના પ્રથમ પાનાની પ્રમાણિત નકલ | |
| 4 | પ્રથમ સેવા (જિલ્લા શિક્ષણાધિકારીએ આપેલ એન.ઓ.સી. ની પ્રમાણિત નકલ ) | |
| | દ્રિતીય સેવા (જિલ્લા શિક્ષણાધિકારીએ આપેલ એન.ઓ.સી. ની પ્રમાણિત નકલ ) | |
| | હાલની સેવા (જિલ્લા શિક્ષણાધિકારીએ આપેલ એન.ઓ.સી. ની પ્રમાણિત નકલ) | |
| 5 | પ્રથમ સેવા (જાહેરાત પ્રસિધ્ધ કરેલ વર્તમાનપત્રની કાપલી ) | |
| | દ્રિતીય સેવા (જાહેરાત પ્રસિધ્ધ કરેલ વર્તમાનપત્રની કાપલી ) | |
| | હાલની સેવા (જાહેરાત પ્રસિધ્ધ કરેલ વર્તમાનપત્રની કાપલી) | |
| 6 | પ્રથમ સેવા (કાયમી બહાલી ની પ્રમાણિત નકલ) | |
| | દ્રિતીય સેવા (કાયમી બહાલી ની પ્રમાણિત નકલ) | |
| | હાલની સેવા (કાયમી બહાલી ની પ્રમાણિત નકલ) | |
| 7 | પ્રથમ સેવા (નિમણુંક હુકમની નકલ અને હાજર થયા અંગે સેવાપોથીની પ્રમાણિત નકલ) | |
| | દ્રિતીય સેવા (નિમણુંક હુકમની નકલ અને હાજર થયા અંગે સેવાપોથીની પ્રમાણિત નકલ) | |
| | હાલની સેવા (નિમણુંક હુકમની નકલ અને હાજર થયા અંગે સેવાપોથીની પ્રમાણિત નકલ) | |
| 8 | પ્રથમ સેવા (પૂરા પગારના આદેશની પ્રમાણિત નકલ) | |
| | દ્રિતીય સેવા (પૂરા પગારના આદેશની પ્રમાણિત નકલ) | |
| | હાલની સેવા (પૂરા પગારના આદેશની પ્રમાણિત નકલ) | |
| 9 | ફરજ મુકત/ વય નિવૃત્તિ/ સ્વૈચ્છિક નિવૃત્ત/ અવસાન જો લાગુ પડતુ હોય તો લગત આધારની પ્રમાણિત નકલ | |
| 10 | નાણા વિભાગની સહમતીથી સેવા જોડાણ થયેલ હોય તો લગત આધારની પ્રમાણિત નકલ | |

નોંધ : કર્મચારી વાઇઝ અલગ-અલગ દરખાસ્ત તૈયાર કરવી

આચાર્યના સહી/સિક્કા

# પત્રક-૧

**શાળાનું નામ:-**

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | સેવાની વિગત | જિલ્લા શિક્ષણાધિકારીએ એન.ઓ.સી. આપ્યા તારીખ | જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખ તથા વર્તમાનપત્રનું નામ | કાયમી બહાલી મળ્યા તારીખ | સેવાનો પ્રકાર (ફિકસ/ નિયમિત) | નિમણુંક હુકમની તારીખ અને હાજર થયા તારીખ | ફિકસના કિસ્સામાં પગાર પુર્ણ કર્યા બાદ નિયમિત નિમણુંક મેળવ્યા તારીખ | ફરજ મુકત/ વય નિવૃત્તિ/ સ્વૈચ્છિક નિવૃત્ત/ અવસાન તારીખ | નાણા વિભાગની સહમતીથી સેવા જોડાણ થયેલ છે? હા/ના? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | પ્રથમ સેવા | ૧ | | | | | | | |
| | | દ્વિતીય સેવા | ૨ | | | | | | | |
| | | ------ | ૩ | | | | | | | |
| | | હાલની સેવા | ૪ | | | | | | | |
| ૨ | | | ૧ | | | | | | | |
| | | | ૨ | | | | | | | |
| | | | ૩ | | | | | | | |
| | | | ૪ | | | | | | | |
| ૩ | | | ૧ | | | | | | | |
| | | | ૨ | | | | | | | |
| | | | ૩ | | | | | | | |
| | | | ૪ | | | | | | | |

**:: પ્રમાણપત્ર ::**

**આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, નાણાં વિભાગનાં તા.૦૮/૧૧/૨૦૨૪ ઠરાવથી પ્રસિધ્ધ કરવામાં આવેલ સૂચના મુજબ ચકાસણી કરીને સદરહું માહિતી મોકલી આપેલ છે તથા હવે અમારી બિનસરકારી અનુદાનિત શાળાના નિયમોનુસારની પાત્રતા ધરાવતાં કોઈપણ વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીની માહિતી મોકલવાની બાકી રહેતી નથી તે સબબ સદરહું પ્રમાણપત્ર આપવામાં આવે છે.**

**આચાર્યશ્રીની સહી અને સિકકો**

**શાળા/કચેરીનું રાઉન્ડ સીલ**

**તારીખ**

**નોંધ :**

સદરહું માહિતી શ્રુતિ ફોન્ટમાં અને એકસેલશીટમાં મોકલવાની રહેશે.

સદર માહિતીમાં આપની કચેરી હસ્તકની બિનસરકારી અનુદાનિત શાળામાં હાલમાં ફરજ બજાવતાં હોય અથવા આપની કચેરીમાંથી નિવૃત્ત થયેલ કર્મચારીઓની વિગતો આપવાની રહેશે.